સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર ઘટક સેલ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોની જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0021/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા -**

1 . મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0021/B1, Dt. 25/02/2025

2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0021/B1, Dt. 12/11/2025

3. કમિશનરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્રક્રમાંક: મકમ-3/ આઈસીડીએસ-વર્કર-હેલ્પર /જગ્યા કંટી/૨૦૨૬-૨/૨૦૨૪, Dt.19/01/2026

//ઠરાવ//

૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રોની ૧,૦૬,૧૩૦ જગ્યાઓને વંચાણે લીધા (૧) થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ૧૮૦૦ મીની આંગણવાડીઓ પૈકી બાકી રહેલ ૩ મીની આંગણવાડીઓને મેઈન આંગણવાડીમાં અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના પત્ર અન્વયે ૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રો પર કુલ: ૧૦૬૧૩૦ માનદવેતનવાળી જગ્યાઓને વધુ એક વર્ષ ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રોમાં માનદ વેતનથી ભારત સરકારની યોજના મુજબ સેવાઓ લેવામાં આવતી હોય તેવી નીચે ઉલ્લેખિત કુલ ૧,૦૬,૧૩૦ જગ્યાઓને નીચેની શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | માનદવેતનથી લેવાતી સેવા | સંખ્યા |
|---|---|---|
| ૧ | આંગણવાડી કાર્યકર | ૫૩૦૬૫ |
| ૨ | આંગણવાડી તેડાગર | ૫૩૦૬૫ |
| | કુલ | ૧,૦૬,૧૩૦ |

**શરતો:**

1. જગ્યાઓના સંબંધમાં લાગુ પડતા રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ કાર્યવાહી અનુસરવાની રહેશે.

2. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

3 . પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાનો રહેશે.

4 . આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.02.26 11:03:22 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

5. આ મંજૂરી અંગે કરવાના થતા ખચે અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતો અમલ કરવાનો રહેશે.

6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૨૦/૦૨/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.આર.પ્રજાપતિ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

2 . કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર

4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ

5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.

6. સર્વ તિજોરી અધિકારીશ્રી, જિ.....

7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન ....................

8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ......................

9. સર્વે નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ

10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત .....................

11. સર્વ પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન ................

12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ-વેબસાઈટ પર મુકવા સારૂ.

13. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

14.શાખા સિલેકટ ફાઈલ.